**નેનપુર ખાતે કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી દ્વારા વિશ્વ જમીન માસની ઉજવણી નિમિત્તે પ્રાકૃતિક ખેડૂત તાલીમ અને ઇનામ વિતરણના કાર્યક્રમ યોજાયા**

---

આણંદ કૃષિ યુનિવર્સિટીના કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી દ્વારા મહેમદાવાદ તાલુકાના નેનપુર ખાતે આણંદ કૃષિ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ.કે.બી.કથીરીયા ના માર્ગદર્શન હેઠળ પ્રાકૃતિક તાલીમ યોજાઇ હતી. જેમાં ૭૫ ખેડૂતો, આત્માના બ્લોક ડેવલોપન્મેટ ઓફીસર, એગ્રો ઈનપુટ ડીલર અને ચમ્બલ ફર્ટીલાઇઝર કંપનીના કર્મચારીઓએ ખુબ જ ઉત્સાહભેર ભાગ લીધેલ હતો.

ડૉ.ડી.બી.પ્રજાપતિ, સહ સંશોધન વૈજ્ઞાનિક અને યુનિટ અધિકારીશ્રીએ ડાંગરમાં સુધારેલ નવીન જાતો અને બિયારણ ઉપલબ્ધિ, ઓરાણ ડાંગર અને હલકા ધાન્ય વિશે માહિતી આપેલ હતી. ખેડુતોના પ્રવર્તમાન પ્રશ્નોના ઉકેલ માટે ઝેરમુકત ઉત્પાદનો તૈયાર કરીને પરદેશમા નિકાસ કરવા પ્રેરીત કરેલ હતા અને ડાંગર અને શાકભાજીમાં પ્રાકૃતિક ખેતી તરફ વળવા ખાસ સુચન કરેલ હતુ.

ડૉ.ભરતભાઇ ઠક્કર, મદદનીશ વિસ્તરણ શિક્ષણશાસ્ત્રી, કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલીએ પ્રાકૃતિક ખેતીમા જીવામૃત, ઘન જીવામૃત, બિજામૃત, નિમાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર અને અગ્નિઆસ્ત્ર બનાવવાની પધ્ધતિ અને તેના ફાયદા વિશે ઉંડાણપુર્વક માહિતી આપેલ હતી. ત્યારબાદ ખેડુતોને આપેલ વ્યાખ્યાન વિશે પ્રશ્નો પુછેલા હતા. સાચા જવાબો આપનાર ૧૩ ખેડુતોને ઇનામ આપેલ હતા તથા ખેડુતોને ભવિષ્યમાં યોજાનાર તાલીમોમાં ભાગ લેવા પ્રેરીત કર્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને અમલીકરણ ડૉ. ભરતભાઇ ઠક્કર, ડૉ.એમ.બી.ઝાલા અને ડો.તારક પટેલે કરેલ હતું.

# નેનપુર ગામે યોજાયેલ કાર્યક્રમની ઝાંખી








